**કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કાર્યાલય**
**છોટાઉદેપુર**

સત્યમેવ જયતે

રૂમ નં : એફ-૪, પહેલા માળે,
ફોજદારી શાખા, જિલ્લા સેવા સદન
છોટાઉદેપુર - ૩૯૧૧૬૫
ફોન નં. ૦૨૬૬૯ – ૨૩૩૦૦૩, ૨૩૩૦૨૮
ફેકસ નં. ૦૨૬૬૯– ૨૩૩૦૦૨
Email- collector-cho@gujarat.gov.in

નં. એમએજી/વશી/ ૩૯૧૧ /૨૦૧૮ તા.૦૯/૦૭/૨૦૧૮

વંચાણ :-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક : MIS/ 65/ 2018 /F-II (પાર્ટ ફાઈલ), તા.૦૬/૦૭/૨૦૧૮

## // હુકમ //

સરકારશ્રીના વંચાણ -૧ના ઠરાવથી મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોથેપી પ્રવેશ – ૨૦૧૮ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના નિયમો મુજબ જે વિધાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને જ પ્રવેશ આપવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૦૧૬૪/૨૦૧૮ના કામે નામદાર હાઈકોર્ટના નિર્દેશ મુજબ જે ડોમીસાઈલ સર્ટીફિકેટ અપાયેલ છે તે સર્ટીફિકેટના વેરીફિકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રિયાની સાથે – સાથે કરવામાં આવે અને ડોમીસાઈલ સર્ટીફિકેટ વેરીફીકેશનની બાબત ગૃહ વિભાગની હોવાથી ડોમીસાઈલ સર્ટીફિકેટ વેરીફિકેશની કામગીરી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવા સૂચના આપેલ છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ અન્વયે અત્રેના જિલ્લા માટે ડોમીસાઈલ વેરીફિકેશન સમિતીની નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીશ્રીનો હોદ્દો | હોદ્દો |
|---|---|---|
| ૧ | નાયબ કલેકટર અને પ્રાંત અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર. | અધ્યક્ષ |
| ૨ | એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી કોર કમિટી ધ્વારા નિયુકત પ્રવેશ સમિતીના અધિકારી / કર્મચારી | સભ્ય |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, છોટાઉદેપુર **જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર** | સભ્ય |
| ૪ | મામલતદારશ્રી, છોટાઉદેપુર / જેતપુર પાવી. (ડોમીસાઈલ સર્ટીફિકેટ ઈશ્યુ કરનાર સિવાયના મામલતદારશ્રી જે તે સમયે અધ્યક્ષશ્રી નકકી કરે તે મામલતદારશ્રી) | સભ્ય |

સરકારશ્રીના ઠરાવ્યાં મુજબ સમગ્ર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની તમામ જવાબદારી અધ્યક્ષશ્રીની રહેશે.

**નોંધ ઉપર માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની સુચના મુજબ**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર

પ્રતિ,
સંબંધિત અધિકારીશ્રીઓ તરફ....

**નકલ સવિનય રવાના :**

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.. જાણ સારૂ.

(૨) ચેરમેનશ્રી, કોરકમિટી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્સીસ, GMERS મેડીકલ કોલેજ સેકટર- ૧૨, ગાંધીનગર તરફ.. જાણ સારૂ.